# અધ્યાય ૪૩
# શ્રી સાઈનાથ-નિર્વાણ (૨)

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

શ્રી બાબાના મહાનિર્વાણની કથા અધ્યાય ૪૩ તથા ૪૪માં પણ ચાલુ છે.

**અગાઉથી તૈયારી :** હિંદુ સમાજમાં એક સામાન્ય નિયમ છે કે અંતકાળે માણસને કોઈ સારો અધ્યાત્મશાસ્ત્રનો ગ્રંથ વાંચી સંભળાવવો; જેથી તેનું મન સંસારી વિષયમાંથી હટી જઈ ભગવાનમાં ચોંટે અને તેનો નવો અવતાર સુધરે. રાજા પરિક્ષિતનું મૃત્યુ ઋષિપુત્રના શાપને લીધે એક સપ્તાહ પૂરું થતાં જ થવાનું હતું એવું જાણીને મહર્ષિ શુકે તેની પાસે પ્રસિદ્ધ શ્રીમદ્‌ભાગવત ગ્રંથનું પારાયણ એક સપ્તાહમાં કર્યું હતું. આ રિવાજ આજ પણ ચાલુ છે; અને અંતકાળે માણસ પાસે ગીતા કે ભાગવત જેવા પવિત્ર ગ્રંથ વાંચવામાં આવે છે. બાબા પોતે તો ભગવાનનો અવતાર હતા. તેથી તેમને આવી કશી જરૂર ન ગણાય છતાં લોકો પર દાખલો બેસાડવા સારુ તેમણે પણ આ નિયમ પાળ્યો હતો. પોતાનો દેહ અલ્પ સમયમાં પંચભૂતમાં વિલીન થનાર છે એવું જાણીને તેમણે શ્રી વઝેને રામવિજય નામનો ગ્રંથ પોતાની પાસે બેસીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ એ ગ્રંથ એક સપ્તાહમાં વાંચીને પૂરો કર્યો ત્યારે બાબાએ એ ગ્રંથ પોતાની પાસે રાત-દિવસ ફરી ફરીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ પુનઃ ત્રણ દિવસ એ ગ્રંથ વાંચ્યો અને તે થાકી ગયા. તેથી બાબાએ તેને જવા દીધો અને આત્મનિમજ્જનમાં મગ્ન બની બાબા શાંત બેઠા અને શુભ ઘડીની રાહ જોવા લાગ્યા.

દેહાવસાનના અગાઉ બે કે ત્રણ દિવસથી બાબાએ પ્રાતઃકાળનું પરિભ્રમણ તથા ભિક્ષા માગવા જવાનું છોડી દીધું હતું અને પોતે મસીદમાં જ બેસતા. છેલ્લી ઘડી સુધી તેમને ભાન હતું અને પોતે ભક્તોને હિંમત રાખવાની શિખામણ



આપતા હતા. પોતાની છેલ્લી વિદાયની ઘડી તેમણે કોઈને જાણવા દીધી નહોતી. કાકાસાહેબ દીક્ષિત તથા શ્રીમાન બુટી નિત્ય મસીદમાં બાબાની જોડે જ ભોજન લેતા. પણ ૧૫મી ઑક્ટોબરે આરતી પછી તેમને ઉતારા પર જમવા જવાની બાબાએ આજ્ઞા કરી. છતાં લક્ષ્મીબાઈ શિંદે, ભાગોજી શિંદે, બયાજી, લક્ષ્મણ, બાબાજી શીમ્પી અને નાનાસાહેબ નિમોણકર ત્યાં બેઠા હતા. શામા નીચે પગથિયાં પર બેઠા હતા. લક્ષ્મીબાઈ શીંદેને નવ રૂપિયા આપ્યા પછી બાબા બોલ્યા, ''અહીં મસીદમાં મને ઠીક લાગતું નથી. મને બુટીના દગડી (પથ્થર) વાડામાં લઈ જાઓ. ત્યાં મને ઠીક પડશે.'' આ છેલ્લા શબ્દો બોલીને જ પોતે બયાજીના દેહ ઉપર ઢળી પડ્યા અને ગુજરી ગયા. ભાગોજીએ જોયું કે શ્વાસ ચાલતો બંધ થયો છે. તેથી નીચે બેઠેલા નાનાસાહેબ નિમોણકરને તેણે કહ્યું. નિમોણકરે થોડું પાણી આણ્યું અને બાબાના મુખમાં રેડ્યું; પણ પાણી બહાર નીકળી ગયું. ત્યારે તેમણે મોટેથી પોક મૂકી ''હે દેવ! એ વેળાએ બાબા જાણે આંખ ઉઘાડીને ધીમે સ્વરે 'અરે' કહેતા હોય તેમ લાગ્યું. પણ પછી તો સૌને ખાતરી થઈ કે બાબાએ આ કલેવર સદાને માટે છોડી દીધું છે.

બાબાના મહાનિર્વાણની ખબર શિરડી ગામમાં ભયંકર આગની માફક પ્રસરી ગઈ અને તમામ માણસો, પુરુષો, સ્ત્રીઓ, બાળકો બધાં મસીદમાં દોડી આવ્યાં અને તેમને આવી પડેલી ખોટનો શોક સૌ વિવિધ રીતે કરવા લાગ્યાં. કેટલાક પોક મૂકીને રહ્યા. કેટલાક શેરીઓમાં જ ઠોકર ખાઈને પડી ગયા. કેટલાક બેભાન બની ગયા. બધાંની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. દરેક જણ શોક કરવા લાગ્યા.

એ પછી બાબાના પાર્થિવ દેહનું શું કરવું એ પ્રશ્ન ઊઠ્યો. કેટલાક મુસ્લિમોએ કહ્યું કે શબને ગામ બહાર ખુલ્લી જગામાં દફનાવવું અને તેના પર મકબરો ચણવો. અમીર શક્કર તથા ખુશાલચંદ પણ એ જ માનતા હતા. પણ ગામના પોલીસ પટેલ શ્રી રામચંદ્ર પાટીલે કહ્યું, ''અમને એ દરખાસ્ત માન્ય નથી. બાબાનો દેહ બુટીના વાડા સિવાય બીજે કોઈ ઠેકાણે પધરાવાશે નહિ.'' આમ આ પ્રશ્ન ઉપર બે પક્ષ પડી ગયા અને તે બાબતની ચર્ચા છત્રીશ કલાક ચાલી.

બુધવારે પ્રાતઃકાળે લક્ષ્મણમામા જોશીના સ્વપ્નમાં બાબાએ દર્શન દીધાં અને તેને હાથથી ઢંઢોળીને બાબાએ આજ્ઞા કરી, ''જલદી ઊઠ. બાપુસાહેબ માને છે કે હું ગુજરી ગયો છું. તેથી તે નહિ આવે. તું પૂજા કર અને કાકડઆરતી કર.'' લક્ષ્મણમામા ગામના જોશી હતા. અને તે શામાના મામા થતા હતા. તે રૂઢિયુકત બ્રાહ્મણ હતા અને નિત્ય સવારમાં બાબાની પૂજા કરતા. અને પછી જ ગામના દેવ-મંદિરનું પૂજન કરવા જતા. તેને બાબામાં પૂર્ણ શ્રદ્ધા હતી. આ સ્વપ્નદર્શન પછી તે પૂજનસામગ્રી લઈને આવ્યા. મૌલવીઓએ લીધેલા વાંધા અવગણીને પણ તેમણે પૂજન કર્યું અને સર્વ વિધિ સાથે કાકડઆરતી પણ કરી અને પછી તે ઘેર ગયા. એ પછી બપોરે બાપુસાહેબ જોગે બીજા બધા ભકતો સાથે આવીને નિત્યની માફક બપોરની આરતી વિધિસર કરી.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'સાઈનાથ નિર્વાણ (૨)'**
**નામ તેતાલીસમો અધ્યાયઃ સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**